તા.૧૨/૦૨/૨૦૨૩ થી તા.૧૬/૦૨/૨૦૨૩ દરમિયાન ગબ્બર, મુ.અંબાજી, તા.દાંતા, જિ.બનાસકાંઠા સ્થળે "શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ" યાત્રાળુઓના ગુજરાત સરકારના સહયોગથી પ્રવાસ બાબત.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
બ્લોક નં.૨ અને ૩, પ્રથમ માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
ગુપયાવિબો/શ્રવણ/૨૦૨૩/
તા.૦૮/૦૨/૨૦૨૩

વંચાણે લીધાઃ-

માન.મુખ્યમંત્રીશ્રીની તા.૦૭/૦૨/૨૦૨૩ ની મળેલ મંજૂરી

પરિપત્ર-

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા તા.૧૨/૦૨/૨૦૨૩ થી તા.૧૬/૦૨/૨૦૨૩ દરમિયાન ગબ્બર, મુ.અંબાજી, તા.દાંતા, જિ.બનાસકાંઠા સ્થળે "શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ" યોજાનાર છે. તા.૧૨/૦૨/૨૦૨૩ થી તા.૧૬/૦૨/૨૦૨૩ દરમિયાન શ્રી અંબાજી માતા, ગબ્બર તથા શ્રી ૫૧ શક્તિપીઠની પરિક્રમાના દર્શન કરવાના લહાવો ગુજરાતના નાગરીકો લઈ શકે તે હેતુથી "અંબાજી દર્શન" નું આયોજન કરવાની બાબત વિચારણા હેઠળ હતી. જેના અનુસંધાને ગુજરાત રાજ્યના બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અમદાવાદ, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાઓમાંથી "શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ"ના આ પાંચેય દિવસો દરમિયાન અંબાજી દર્શન માટે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

- યાત્રાળુની ઉંમર ૧૨ વર્ષ અથવા વધુ હોઇ, તે આ યોજના હેઠળ લાભ મેળવવા પાત્ર રહેશે.
- એસ.ટી. ની સુપર બસ ભાડા (નોન એ.સી.), તેની ૫૦% રકમ સહાય તરીકે મળવાપાત્ર રહેશે. જેમાં ૨૫% રકમ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ૨૫% રકમ અંબાજી ટેમ્પલ ટ્રસ્ટ/સ્થાનિક સહકારી સંસ્થા/પ્રાયોજકો ભોગવશે. જ્યારે બાકીની ૫૦% રકમ યાત્રાળુએ ભોગવવાની રહેશે.

- અંબાજી યાત્રાધામના ૨૪ કલાક (૧ દિવસ) સુધીના પ્રવાસની મર્યાદામાં આ યોજના હેઠળ લાભ આપવો.
- યાત્રાળુએ આ યોજનાનો લાભ લેવા, યાત્રાળુ દિઠ આધારકાર્ડની ઝેરોક્ષ રજૂ કરવાની રહેશે.
- કયા જિલ્લાએ કેટલી બસ ફાળવવી એ સબંધિત જિલ્લાના કલેકટરશ્રીએ મુખ્ય પરિવહન અધિકારીશ્રી સાથે પરામર્શમાં રહી નકકી કરવાનું રહેશે.
- બસ ઉપાડવાનો પોઇન્ટ, સ્થળ અને સમય તથા અંબાજીથી પરત આવવવાનો પોઇન્ટ, સ્થળ અને સમય સબંધિત જિલ્લા કલેકટરશ્રીએ વાહન વ્યવહારની કચેરી તથા કલેકટરશ્રી બનાસકાંઠાના પરામર્શમાં રહીને નકકી કરવાનો રહેશે.
- આ સુધારેલ યોજના માત્ર તા.૧૨/૦૨/૨૦૨૩ થી તા.૧૬/૦૨/૨૦૨૩ દરમ્યાન જ અમલી રહેશે.

(આર આર રાવલ)
સચિવ
ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,

(૧) નાયબ સચિવશ્રી (પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) કલેકટરશ્રી, કલેકટરશ્રીની કચેરી,
જિલ્લો- અમદાવાદ, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠાં, ગાંધીનગર,અરવલ્લી

(૩) મુખ્ય પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થાપકશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, સેન્ટ્રલ ઓફિસ,સી / ઓ સેન્ટ્રલ વર્કશોપ, જીએસઆરટીસી, નરોડા, અમદાવાદ

(૪) રજીસ્ટાર, સહકારી મંડળીઓ,બ્લોક નં-૧૦, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.